THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः                                                    तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક આંતરદૃષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-6 | June - 2021 | No. 49

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| 1. | વૈશાખી પૂર્ણિમાના અવિરત પ્રકાશમાં | શ્રી હર્ષવદન શેઠ | 3 |
| 2. | ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ | શ્રી ધવલ શેઠ | 5 |
| 3. | ઈશ્વરમાં અતૂટ શ્રદ્ધા એ જ ખરી ભક્તિ | શ્રી કાંતિભાઈ પટેલ | 8 |
| 4. | લાઈફ મેમ્બર સભ્યો માટે | શ્રી દર્શન મોદી | 9 |
| 5. | પુસ્તક સમીક્ષા | શ્રી હર્ષદ દવે | 10 |
| 6. | શ્રી નારદ ભક્તિ સૂત્ર | શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ | 12 |
| 7. | જરથોસ્તી ધર્મ | શ્રીમતિ પરવીન પટેલ | 16 |
| 8. | શાખા સમાચાર | | 19 |
| 9. | આપણો પુસ્તક પ્રેમ | | 20 |


Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Published & Printed at : Ahmedabad

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. — તંત્રી

## થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.

(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.

(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, ''હોમી હાઉસ'' ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ००૧.

### ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી** ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**

મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી** સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**

ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.

☛ બુક સ્ટોલ મેનેજર ☚

શ્રી પ્રવિણભાઈ માંડલિયા, ભાવનગર લોજ, મો. : ૯૪૨૬૧૬૪૫૫૭

''હોમી હાઉસ'' ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર - ૩૬૪ ००૧.

| | |
|---|---|
| નવા સભ્ય પ્રવેશ ફી | રૂ.૧૦૦/- |
| સભ્ય ફી | રૂ.૧૫૦/- |
| દંપતિ સભ્ય ફી | રૂ.૨૨૫/- |
| ૨૫ વર્ષથી ઓછી ઉંમરના સભ્ય ફી | રૂ.૭૫/- |
| લાઈફ મેમ્બર ફી | રૂ.૩૦૦૦/- |
| ઈન્ડિયન થિયોસોફીસ્ટ | રૂ.૩૦/- |
| થિયોસોફિક જ્યોતિ | રૂ.૧૦/- |

### ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી દર્શનભાઈ સી. મોદી**

એ/૯૦૪, ધરતી સાકેત હાઈટ્સ, શુકન ગ્લોરી સામે,
આનંદ સફાયર પાસે, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ – ૩૮૨ ૪૮૧
મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪

### થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)

અંગે પત્રવ્યવહાર
શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા
એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩
(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨

### ''થિયોસોફિક જ્યોતિ''ના લવાજમના દર

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન (મર્યાદા ૧૦ વર્ષ) | રૂ.૧૦૦૦/- |

### ''થિયોસોફિક જ્યોતિ'' માટે જાહેરાતના દર

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **'જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ'** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**

'શ્વેત પદ્મ' ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
**મો. – ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫**
E-mail-harshavadan_sheth@yahoo.co.uk

**GTF Jyoti Prakashan Fund**
Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 01360)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

# વૈશાખી પૂર્ણિમાના અવિરત પ્રકાશમાં...

સંપાદકીય

પ્રસ્તુતિ
શ્રી હર્ષવદન શેઠ



૨૬મી મેના રોજ સાંજે ૪.૪૪ કલાકે (ભારતીય સમય પ્રમાણે) મોટાભાગના આપણા બંધુ–ભગીની સભ્યોએ પોતાના સ્થળે રહીને ધ્યાનમાં ઓતપ્રોત થયાં હશે. વૈશાખ મહિનામાં પૂર્ણ ચંદ્રનો દિવસ સાધકને આધ્યાત્મિક પરિવર્તન માટેનો શુભ દિવસ માનવામાં આવે છે. સૂર્યાસ્ત પૂર્વે દર્શાવેલ સમય પાલન કરીને જેઓએ પણ સાધના, ધ્યાન કર્યાં હશે તે સૌને પોતપોતાની રીતે અનોખો અનુભવ જરૂર થયો હશે જ ! જે અંગેનો અહેવાલ વ્યક્તિગત રીતે તૈયાર કરીને તે અંગેની રજૂઆત પોતાના સ્વજનો, મિત્રો અને લોજ સભ્યોને કરવાથી વળી અનોખી અનુભૂતિઓનાં સ્પંદનોનો અનુભવ થશે જ !

વૈશાખી પૂર્ણિમા એ એક અન્ય શુભ હિન્દુ વ્રત છે જે ભારતભરનાં ભક્તો દ્વારા ઉજવવામાં આવે છે. આ દિવસે ભક્તો ભગવાન વિષ્ણુની પૂજા કરે છે. આ દિવસે ભક્તો વહેલાં ઊઠે છે અને પવિત્ર નદીમાં ડૂબકી લે છે. ત્યારબાદ તેઓ ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરે છે. દિવસભર વૈશાખ વ્રત અથવા સત્યનારાયણ વ્રતનું પાલન આ દિવસે શુભ માનવામાં આવે છે. ભક્તો સત્યનારાયણ કથા સંભળાવે છે અને સાંભળે છે. સત્યનારાયણ પૂજા કરતી વખતે ભક્તો ભગવાન વિષ્ણુને પ્રસન્ન કરવા માટે ચંદનનો લેપ, સોપારી, ફળ, ફૂલો તથા કેળાનાં પાન અર્પણ કરે છે. વૈશાખી પૂર્ણિમાની સાંજ ભગવાન વિષ્ણુની આરાધના અને પ્રાર્થના–ભજનો સાથે સમાપ્ત થાય છે. આ દિવસે દાન આપવું શુભ છે. જે ભક્તો વૈશાખના વ્રત રાખે છે અને ભગવાન વિષ્ણુની પૂજા કરે છે તેઓને સુખ અને સમૃદ્ધિ મળે છે.

વૈશાખી પૂર્ણિમા એ ભગવાન ગૌતમ બુદ્ધનો જન્મદિવસ છે. રાજકુમાર સિદ્ધાર્થ ગૌતમના જન્મની ઉજવણી મોટાભાગના પૂર્વ એશિયામાં ઉજવવામાં આવે છે. કપિલવસ્તુ પાસે આવેલ લુમ્બીની નગરમાં તેમનો જન્મ ઈ.સ.પૂર્વે ૫૬૩માં થયો હતો. કોશલ રાજ તરીકે શાક્ય વંશનું રાજ્ય વિસ્તરેલું હતું. હાલમાં તે પ્રદેશ નેપાળમાં છે. બુદ્ધનું નિર્વાણ (મૃત્યુ) પણ બુદ્ધ પૂર્ણિમાને દિવસે જ થયેલું. તેથી વિશેષ વૈશાખી પૂર્ણિમાને દિવસે જ સિદ્ધાર્થ ગૌતમને મહાજ્ઞાન પ્રાપ્ત થયેલું. આ બોધિવૃક્ષ (પીપળનું વૃક્ષ)નું મહત્ત્વ પણ આ દિવસે વિસરી શકાય તેમ નથી.

બુદ્ધ ધર્મમાં ભાષાકીય અર્થ પ્રમાણે (પાલી ભાષામાં) ''બુદ્ધ'' એટલે ''એક જાગૃત'' વ્યક્તિ ! આ શિર્ષકનો ઉપયોગ સામાન્ય રીતે બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધ માટે થાય છે. સંસ્કૃત ભાષામાં 'બુદ્ધત્વ' શબ્દ છે; પાલી ભાષામાં ''બુદ્ધત્ત'' અથવા ''બુદ્ધભાવ'' છે. આ બુદ્ધની સ્થિતિ અને ક્રમ છે ''જાગૃત એક'' – આ ઉચ્ચતમ આધ્યાત્મિક સ્થિતિને 'સમ્યકસમ્બોધિ' (સંપૂર્ણ જાગૃતિ) પણ કહેવામાં આવે છે.

થિયોસોફિકલ સોસાયટીમાં ભગવાન 'મૈત્રેય'નું આધ્યાત્મિક ગૂઢ વિદ્યાના અભ્યાસ અર્થે અનોખુ મહત્ત્વ છે; જે ''બોધિસત્વ'' તરીકે પ્રસ્થાપિત છે. ગૌતમ બુદ્ધ પહેલાં પણ પાંચ આકાશી બુદ્ધો ''મહાયાન'' પરંપરામાં પૂજવામાં આવે છે. 'ભગવાન મૈત્રેય' ભવિષ્યમાં બુદ્ધનું

જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે
સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત


ભગવાન મૈત્રેય

સ્થાન લેનાર છે. દુનિયામાં દુઃખ નિર્વાણની પ્રક્રિયા માનવ ઉત્ક્રાંતિની દૃષ્ટિએ અવિરત ચાલ્યાં કરે છે. મહાયાન પરંપરા પ્રમાણે ભવિષ્યના બુદ્ધ બનનાર જીવાત્માઓ પોતાની દૈવી શક્તિઓ વિકસાવીને ''બુદ્ધત્વ'' પ્રાપ્ત કરવાનાં ધ્યેય સાથે અવિરત આગળ વધ્યા જ કરે છે. બુદ્ધ પૂર્ણિમાને દિવસે જણાવેલ સમય પ્રમાણે સાધના કરવાથી 'મહાયાન' પરંપરામાં નિર્દેશીત પ્રક્રિયાનો અણસાર સાધકને અચૂક થાય છે.

જો કે 'થેરાવાદ'ની પ્રક્રિયા 'મહાયાન'થી ભિન્ન પડે છે. 'થેરાવાદ' પ્રમાણે દરેક વ્યક્તિ વિશેષ 'અર્હત પદ'ને પામી શકે છે. થિયોસોફિકલ સોસાયટીની રહસ્ય શાળામાં જોડાયાં પછી આ પ્રકારનાં 'અર્હત પદ'ની પ્રાપ્તિ અંગેનું માર્ગદર્શન અચૂક મળી શકે છે. સભ્યોની પોતાની 'જીજ્ઞાસાવૃત્તિ', સાધનાનાં માર્ગે અવિરત આગળ વધવાની દૃઢતા તથા જીવનમુક્ત મહાત્માઓએ સુચવેલાં નીતિનિયમો અનુસાર જીવનમાં પરિવર્તનનો અનુભવ કરનાર સાધકો કદીયે નિરાશ થશે નહિ. વૈશાખી પૂર્ણિમાનાં પર્વની પ્રેરણાથી નિત્ય સાધનામાં જોડાઈને નિરંતર નવીન ઊર્જાનો અનુભવ દરેક સભ્યને થાય તેવી સંવેદના વ્યક્ત કરીને ગુરુદેવોના આશીર્વાદ સહુ કોઈને પ્રાપ્ત થાય તેવા શુભભાવ વ્યક્ત કરીને વિરમું છું !

• • •

(ઈશ્વરમાં અતૂટ..... પાના-૦૮ ઉપરથી ચાલુ)
અમને મદદ કરી શકો તો તે માટે હું આપને વિનંતી કરવા આવ્યો છું.'' મધરે મનોમન ઈશ્વરનો આભાર માન્યો અને સ્મિત સાથે જવાબ આપ્યો. ''તમે એ રસોઈ અહીં મારા આશ્રમમાં મોકલી આપો'' અને ઈશ્વરના આ દૈવી પ્રદાનથી આશ્રમની સમસ્યા હલ થઈ ગઈ.

નરસિંહ મહેતાની શ્રદ્ધાનું ઉદાહરણ

''કુંવરબાઈનું મામેરું''

નરસિંહ મહેતાનો દાખલો લઈએ. દીકરીને ત્યાં મામેરું ભરવાનું હતું. પરંતુ ઈશ્વરના આ બંદાને કશી જ પડી ન હતી. સામાન્ય રીતે આવા પ્રસંગે મહિનાઓ અગાઉથી તૈયારી થતી હોય છે પણ ભગવાનનો આ ભક્ત તો છેલ્લી ઘડી સુધી ભજન ગાવામાં જ તલ્લીન હતો. દીકરીની સાસુને મોકલવાના દર-દાગીનાનું લાંબુ લચક લિસ્ટ મોકલી આપ્યું હતું. દીકરીની સાસુને ખબર હતી કે નરસિંહ મહેતાની હેસિયત બહારની આ માંગણી હતી. જે કોઈ માલેતુજાર ધનિક માટે પણ પૂરું પાડવામાં મુશ્કેલ હતું. એણે બે પથ્થરની પણ માંગણી કરી હતી અને લખ્યું હતું જો આ મામેરું ન ભરાય તો તમારી દીકરીને ડૂબી મરવા બે પથ્થર મોકલી આપજો. છેલ્લા સમય સુધી કોઈ વ્યવસ્થા થઈ ન હતી. દીકરી ચિંતામાં હતી. એની મા પણ ચિંતામાં પણ ઈશ્વર એના અનન્ય ભક્તની ઈજ્જત જવાબ દે ખરા ? ઈશ્વરે કોઈ અજાણ્યા શેઠનું સ્વરૂપ ધારણ કરીને લિસ્ટમાં લખેલ તમામ વસ્તુઓ આગલા દિવસે મોકલી આપી. મશ્કરી માટે લખેલ બે પથ્થર પણ, તે પણ સોનાનાં ! અસ્તુ !

(મો. : ૯૩૭૪૯૯૮૮૬૦)

**સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર**

# ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ

## વસ્તુઓની ગૂઢબાજુ

સી.ડબ્લ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ
શ્રી ધવલ શેઠ
રોહિત લૉજ

*ગતાંકથી આગળ...*

**લેક્ચર કે વક્તવ્યની આપણાં પર થતી અસર**

ઘણીવાર વક્તાને તેનાં કાર્યમાં મદદ પણ મળી રહેતી હોય છે. વક્તા જ્યારે કોઈ વિષય ઉપર ગહનતાથી વિચાર કરી રહ્યો હોય છે ત્યારે તે જે–તે વિષયમાં રસ ધરાવતાં પરંતુ શરીર વગરનાં ઘણાં જીવોને આકર્ષે છે. શ્રોતાગણમાં પણ પાર્થિવ શરીરમાં હાજર શ્રોતાઓની સાથે સાથે એસ્ટ્રલ શરીર ધરાવતાં શ્રોતાઓ પણ હાજર હોય છે. મોટા ભાગનાં આવા શ્રોતાઓ માત્ર વક્તવ્ય સાંભળવા માટે આવ્યાં હોય છે પરંતુ ઘણીવાર તેઓને વક્તા કરતાં પણ જે–તે વિષયનું વધુ જ્ઞાન હોય છે. આવા કિસ્સાઓમાં તેઓ વક્તાને સૂચનો દ્વારા મદદ પણ કરતાં રહે છે. આવી મદદ વક્તા સુધી ઘણાં બધા પ્રકારે પહોંચતી હોય છે. જો વક્તા દિવ્યદ્રષ્ટા હોય તો તે આવા મદદકર્તાઓને જોઈ શકે છે તેમજ તેમનાં તરફથી આવતાં નવાં વિચારોને પણ જોઈ શકે છે. જો વક્તા દિવ્યદ્રષ્ટા ન હોય તો આવા મદદકર્તાઓએ વક્તાનાં દિમાગ પર સહાયરૂપ વિચારોને અંકિત કરવા પડે છે અને વક્તા જાણે તે વિચારો તેનાં પોતાનાં જ છે તેમ સમજે છે.

ઘણા કિસ્સાઓમાં વક્તાનો પોતાનો ઈગો (Ego) જ તેને બહારથી આવી મદદ કરતો રહે છે. એક વાર એક વક્તાએ જણાવ્યું હતું કે જ્યારે તે વક્તવ્ય આપતી હોય છે ત્યારે તેને તેની નજર સમક્ષ હવામાં કાંઈ પણ બોલવાનું હોય તે દેખાવા લાગે છે. તેણીને તે ત્રણ અલગ અલગ રૂપોમાં દેખાય છે અને તેમાંથી તેણીને જે યોગ્ય લાગે તે પસંદ કરતી હોય છે. આ કામ ઈગો (Ego) નું છે. પરંતુ એ સમજવું ઘણું અઘરું છે કે તેણે શરીરની બહાર નીકળીને આવી મદદ કેમ કરવી પડે છે જ્યારે તે પોતે જ શરીરની અંદર રહીને વક્તવ્ય આપતો હોય છે.

શ્રોતાઓ પણ વક્તાને ઘણી રીતે મદદ કરી શકે છે. ઘણીવાર થિયોસોફિકલ સોસાયટીનાં જૂનાં સભ્યો એવું વિચારીને વક્તવ્ય સાંભળવા નથી જતાં કે જે–તે વિષયનો તેમને મહાવરો હોય છે. પોતાને જે–તે વિષયનું સંપૂર્ણ જ્ઞાન છે તે માનવું એ એક ભ્રમ જ છે. તેણે એ પણ ન માની લેવું જોઈએ કે તેને જે–તે વિષયની જાણ હોવાથી તેની હાજરીની જરૂર નથી. આથી ઉલટું જો શ્રોતાને વિષયવસ્તુનો મહાવરો હોય તો તે સ્પષ્ટ અને મજબૂત વિચારરૂપો બનાવી શકે છે અને આવી રીતે વક્તાને શ્રોતાઓ સુધી તેની વાત પહોંચાડવા માટે મદદ કરી શકે છે.

જેટલાં વધુ વિષયવસ્તુનાં જાણકારો હાજર હશે તેટલી વધુ સરળતા નવાં લોકોને જે–તે વિષયવસ્તુને સમજવામાં રહેશે. આથી વક્તતાનાં વિચારોને સંપૂર્ણપણે સમજી શકતાં લોકોની હાજરીથી તેને મદદ મળી રહે છે. હાજર શ્રોતાઓનાં વલણથી વક્તાને કાં તો મદદ મળી રહે છે કાં તો તેના માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે. મોટાં ભાગનાં લોકો જે–તે વિષયવસ્તુમાં રસ ધરાવતાં હોવાથી તેમજ કંઈક શિખવાનાં અભિગમથી આવેલાં હોય છે. ઘણીવાર એવાં શ્રોતાઓ પણ આવી

સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે
સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા

જાય છે જેમનો ઉદ્દેશ માત્ર ટીકા કરવાનો હોય છે. તેમની હાજરી કોઈ પણ રીતે મદદરૂપ થઈ શકતી નથી.

### રાજકીય મેળાવળો

રાજકીય મેળાવળામાં હંમેશા એવું થતું હોય છે કે અમુક લોકો તરફેણમાં હોય છે અને અમુક લોકો વિરોધ પક્ષમાં હોય છે. આથી જ જે લાગણીઓ અને વિચારરૂપો સર્જાય છે તે મિશ્ર પ્રકારનાં હોય છે. પરંતુ ઘણીવાર કોઈ એક તરફનો ઝૂકાવ ધરાવતાં વિચારરૂપો પણ સર્જાય છે જે વક્તા પર તેમજ હાજર લોકો પર પોતાની અસર કરે છે.

આવાં જ એક રાજકીય મેળાવળાનું ઉદાહરણ અહીં આપવામાં આવ્યું છે. કોઈ મોટી વ્યક્તિ આ મેળાવળામાં વક્તવ્ય આપવા માટે આવવાની હતી અને નિશ્ચિત કરેલાં સમય પહેલાં જ આખો હોલ ચિક્કાર રીતે ભરાઈ ગયો હતો. સંચાલન કરનારા લોકો જરા હોંશિયાર હતાં. તેમણે આ સમયનો ઉપયોગ કરીને હાજર રહેલાં પરંતુ જુદી જુદી પ્રકૃતિ ધરાવતાં લોકોમાં એક જોશ ભરવાનું કામ કર્યું. તેમણે એક પછી એક દેશભક્તિનાં ગીતો વગાડવાનું શરૂ કર્યું. ભલે લોકોને ધૂન કે શબ્દોની પકડ રહેતી નહોતી છતાં પણ આ ગીતોએ તેમનામાં એક ઉન્માદ ભરી દીધો. બે કલાકનો ગાળો જાણે એક મનોરંજક સમય તરીકે પસાર થઈ ગયો અને મોટા ભાગનાં લોકોને તેની જાણ પણ રહી નહીં.

સામાન્ય રીતે રાજકીય મેળાવળાની ગૂઢ બાજુ એટલી આકર્ષક હોતી નથી. એસ્ટ્રલ દ્રષ્ટિએ એક હિંસક તોફાન સર્જાતું હોય છે. વાતાવરણમાં દુશ્મનાવટ અને લડવાની જ ભાવના હોય છે. જો જરૂરી ન હોય તો આવા મેળાવળામાં જવાનું ટાળવું જોઈએ. આવા પ્રસંગોમાં ઉત્પન્ન થતાં એસ્ટ્રલ તરંગો સંવેદનશીલ વ્યક્તિને થકવી નાંખે છે.

### ટોળું

ટોળામાં જવાથી અલગ અલગ મેગ્નેટીઝમનું મિશ્રણ થાય છે અને જો શક્ય હોય તો તેને ટાળવું જોઈએ. એવું પણ ન માની લેવું જોઈએ કે ટોળામાં આવેલાં લોકો આપણાં એટલે કે ગૂઢ વિદ્યાનાં અભ્યાસુ કરતાં ઉતરતી કક્ષાનાં છે. અભ્યાસુએ વધારે પડતાં આત્મ–સભાન કે સ્વન્યાયી ન બનવું જોઈએ. એ વાત સાચી છે કે ટોળાનાં મોટા ભાગનાં લોકો દુન્યવી ઉદ્દેશવાળા હોય છે પરંતુ તેના માટે થઈને તેમનો તિરસ્કાર કરવો એ ખોટું અને મૂર્ખામીભર્યું છે. અહીં એ ધ્યાન રાખવું જોઈએ કે ટોળાનાં લોકોનાં વિચારોનાં આંદોલનોનો દર અભ્યાસુના આંદોલનોનાં દરથી અલગ હોવાથી તેમની સાથે સતત સંપર્કમાં આવવાથી અભ્યાસુનાં પોતાના આંદોલનોમાં ગડબડ ઊભી થઈ શકે છે.

તેમ છતાંય જો ટોળામાં જવું જ પડે તો એવા ઘણાં ઉપાયો છે કે જેનાથી અભ્યાસુ પોતાના આંદોલનોનો બચાવ કરી શકે છે. સામાન્ય રીતે તે ઈથરીક, એસ્ટ્રલ અથવા માનસિક કવચનો ઉપયોગ કરી શકે છે, પરંતુ લોકો પ્રત્યે સારી ભાવના અને પવિત્રતા એ જ શ્રેષ્ઠ રક્ષાકવચ છે. આપણે આ રક્ષાકવચો વિષે આગળ સમજીશું.

### પ્રેતાવાહન

નિમ્નસ્તરનાં પ્રેતાવાહનનાં પ્રયોગો દુનિયાભરમાં થતાં રહે છે. ઘણીવાર જે માધ્યમ કે વ્યક્તિ દ્વારા પ્રેતાવાહન કરવામાં આવે છે તે એટલું સાક્ષર હોતું નથી. બહારનાં કોઈ મુલાકાતીને આ પ્રક્રિયા એટલી રસપ્રદ પણ ન લાગે. ઘણીવાર માધ્યમ તરીકે કામ

સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા

કરતી વ્યક્તિ વ્યાકરણ તેમજ ઉચ્ચારોમાં ભૂલ કરી બેસે છે, ત્યારબાદ પ્રથા પ્રમાણે હાજર વ્યક્તિઓ વિષે અમુક શબ્દો બોલવામાં આવે છે. ઘણીવાર તેમનાં ભૂતકાળને વર્ણવવામાં આવે છે. આવા વર્ણનો મોટે ભાગે અચોક્કસાઈ ભરેલાં હોય છે. તેમ છતાં હાજર વ્યક્તિઓ સાથે સંકળાયેલી માહિતીઓનું વર્ણન થઈ જતું હોય છે. બહારની વ્યક્તિને તે ગમે તેટલું નીરસ લાગે પરંતુ આ પ્રક્રિયા સાથે સંકળાયેલી વ્યક્તિ માટે તે શાંતિ અને સાંત્વના આપતું બની રહે છે. તે તેમની જોઈતી માહિતીની સાથે સાથે એ નિશ્ચિતતા પણ અપાવે છે કે વ્યક્તિ મૃત્યુ બાદ પણ અસ્તિત્વ ધરાવે છે.


પ્રેતાવાહનની આ છૂપી બાજુની સાથે સાથે તેની જોડે દયનીય વસ્તુ પણ સંકળાયેલી છે. પ્રેતાવાહનમાં માધ્યમ બનતી વ્યક્તિની સાથે એક સ્પીરીટ ગાઈડ કે મૃત વ્યક્તિ સંકળાયેલી હોય છે. ઘણીવાર આ મૃત વ્યક્તિ માધ્યમનાં જીવન સાથે જોડાયેલી હોય છે તો ઘણીવાર માધ્યમ કરતા પણ વધુ વિકાસ પામેલી હોય છે. મૃત વ્યક્તિ માધ્યમ તરીકે વર્તતી વ્યક્તિનાં અંગોનો પાર્થિવ જગત સાથે સંપર્ક કે સંદેશાવ્યવહાર કરવા માટે ઉપયોગ કરતી હોય છે. અહીં માધ્યમ તરીકે વર્તતી વ્યક્તિએ એક સંતોલન જાળવવું પડે છે. તેણે પાર્થિવ જગતનાં દુઃખી લોકોને સાંત્વના આપવાની સાથે સાથે મૃત જગતમાંથી પાર્થિવ જગતમાં સરી આવવા માટે મથતાં આત્માઓને પણ કાબૂમાં રાખવાનાં હોય છે. આ રીતે માધ્યમ તરીકે વર્તતી વ્યક્તિ માનવજાતની ઘણી મોટી સેવા કરતી હોય છે. (ક્રમશઃ...)

(મો. : ૮૯૮૦૯૪૨૫૧૫)

(પુસ્તક સમીક્ષા..... પાના-૧૧ ઉપરથી ચાલુ)

વાર્તાલાપોની અને વિવરણની સાચી નોંધ છે જે કેવળ એ વક્તાઓના તે સમયના વિચારોને વ્યક્ત કરે છે. તથ્ય એ છે કે આ પુસ્તકને એક શુદ્ધ મનોભાવથી લખવામાં આવ્યું છે જે પ્રોફેસર કૃષ્ણાના વ્યક્તિત્વને અનુરૂપ છે. અહીં થિયોસોફી સાથે જોડાયેલા પ્રશ્નો વિષે એવાં પ્રકારના ઉપેક્ષાપૂર્ણ વક્તવ્યો નથી કે જે કૃષ્ણમૂર્તિના જીવન પર લખવામાં આવેલા અન્ય પુસ્તકોમાં સામાન્યપણે જોવામાં આવે છે. આ પુસ્તક એ પ્રભાવશાળી વિશ્વ–શિક્ષક વિષે સર્જાયેલાં સાહિત્યમાં એક મૂલ્યવાન વૃદ્ધિ છે. જેઓ કૃષ્ણમૂર્તિના જીવન, તેમના વિચારો અને શિક્ષણ પ્રત્યે તેમના દૃષ્ટિકોણમાં અભિરુચિ ધરાવે છે એ બધા માટે આ મહત્ત્વપૂર્ણ સ્ત્રોત-સંપદાને પોતાના પુસ્તકોના કબાટમાં સ્થાન આપવું સાર્થક સાબિત થશે.

– પાબ્લો સેન્ડર્સ, અમેરિકા.




ૐ નિવા ઇચ્છા અંબુ શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ અં. મોદીના ૐ શ્રી રાધેકૃષ્ણ એકૈશ
સૌજન્ય : જયેશ, રૂપલ, કિશન, શ્રેયા, યશ (U.S.A.), મનીષ, નૈના, સૃષ્ટિ, અનુશ્રી શાહ પરિવાર, અમદાવાદ લોજ

પ્રસ્તુતિ

# ઈશ્વરમાં અતૂટ શ્રદ્ધા એ જ ખરી ભક્તિ

શ્રી કાન્તિભાઈ પટેલ
ઉપ-પ્રમુખ : ગુજ. થિયો. ફેડ.

શ્રદ્ધા દરેક ધર્મનો પાયો છે. શ્રદ્ધા એ ધર્મનો આત્મા છે. કોઈપણ ધર્મમાંથી શ્રદ્ધારૂપી આત્મા છૂટો પડે તો એ પરમ-ઈમારત ખંડેર બની જાય છે. કોઈપણ વ્યક્તિ જે ઈશ્વરમાં અતૂટ શ્રદ્ધા, અતૂટ વિશ્વાસ રાખે તેને ઈશ્વર સહાય કરે જ છે. શરત એટલી હોય છે કે ગમે એટલાં પરીક્ષણો આવે, ગમે તેટલી અને ગમે તેવી કસોટીઓ થાય તો પણ છેલ્લી ઘડી સુધી છેલ્લી ક્ષણ સુધી માણસે ઈશ્વરમાં અતૂટ શ્રદ્ધા રાખવી પડે. ધીરજ રાખવી પડે. આ સહેલું નથી. જરૂરતના પ્રસંગે જેમ જેમ સમય નજીક આવતો જાય તેમ તેમ શ્રદ્ધાની કસોટી થાય છે અને અલ્પ શ્રદ્ધાળુઓ ધીરજ ગુમાવી દે છે. આવા પ્રસંગે ઈશ્વર તરફથી અપેક્ષિત દૈવી સહાય મળતી નથી.

આવો જ એક અનન્ય પ્રસંગ મધર ટેરેસાના જીવનમાં બની ગયો હતો. કલકત્તામાં આવેલ મધર ટેરેસાના આશ્રમમાં સાધ્વી બનવા ત્રણસો જેટલી બેનો તાલીમ લઈ રહી હતી. એક દિવસ આ તાલીમાર્થીઓ કોઈ પ્રસંગમાં હાજરી આપવા બહાર ગઈ હતી. તેઓ બપોરે જમવાના સમયે પરત આવવાની હતી. મધરના આશ્રમમાં એવો નિયમ હતો કે રસોડું સંભાળવાની જવાબદારી તાલીમાર્થી પૈકીની કોઈ એક સિસ્ટરને એક અઠવાડિયા માટે આ જવાબદારી સંભાળવાની રહેતી હતી. દર અઠવાડિયે આ વ્યવસ્થા મુજબ સિસ્ટર બદલાતાં હતાં. આવી જવાબદારી સંભાળતા એક સિસ્ટર એક દિવસ ડરતાં ડરતાં મધર ટેરેસા પાસે આવ્યા અને કહ્યું ‘‘મધર, ભૂલથી આગોતરું આયોજન નહીં થઈ શકવાને કારણે ઘરમાં લોટ ખલાસ થઈ ગયો છે. ત્રણસો જેટલા સિસ્ટરોને માટે રસોઈ બનાવવાની છે અને હવે એક કલાકનો જ સમય બાકી છે જેથી હવે કોઈ વ્યવસ્થા થઈ શકે તેમ નથી. હું મુંઝાઈ ગઈ છું. કૃપા કરી આપ મને મદદ કરો.’’ આ સમયે મધર પાસે એમના ગુરુ એક ફાધર હાજર હતા. આ ફાધરે તેમના વક્તત્વમાં જણાવ્યું કે સિસ્ટરની વિનંતી સાંભળીને મને લાગ્યું કે મધર તરત જ ફોન ઉપાડશે અને કોઈ દાતાને પ્રાર્થના કરશે. આટલું કહી મધર તેમના કાર્યમાં લાગી ગયા. ગભરાયેલાં આ સિસ્ટર સીધા ચેપલમાં ! (આશ્રમ બનાવેલ નાનું પ્રાર્થના ઘર) પણ મધરે સહેજ પણ વિચલિત થયા વિના સિસ્ટરને કહ્યું કે, ‘સિસ્ટર રસોડું સંભાળવાની જવાબદારી તમારી છે તમે ચેપલમાં જાઓ અને ઈશ્વરને મદદ કરવા પ્રાર્થના કરો.’

દસેક મિનિટ બાદ મધરના દરવાજાનો બેલ રણક્યો. ઈશ્વરને મદદ કરવા માણસ મધરને મળવા માંગતો હતો. મધર ઉપલા માળેથી નીચે ઉતર્યા. દરવાજો ખોલ્યો. દરવાજા પર જેને ક્યારેય જોયો ન હતો તેવા એક માણસને જોઈ મધરે એ માણસને પૂછ્યું, ‘શું કામ છે ભાઈ ?’ પેલા માણસે કહ્યું, ‘‘અમે શાળામાં સ્ટાફ અને બાળકોને માટે ખોરાક પૂરો પાડીએ છીએ. અમે આજે સાતસો માણસોની રસોઈનું શું કરવું તે સમસ્યા સર્જાઈ છે. જો આપ

*(અનુસંધાન પાન-૦૪ ઉપર)*

**સ્વ. હર્ષવીણાબેન હસમુખભાઈ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી હસમુખભાઈ જે. પંડ્યા, અમદાવાદ લોજ**

# લાઈફ મેમ્બર સભ્યો માટે ખાસ સૂચના

પ્રતિ, પ્રમુખશ્રી, મંત્રીશ્રી, સર્વે સભ્યો

સાદર પ્રણામ,

દર વર્ષે લાઈફ મેમ્બરે પોતાનું સભ્ય પદ ચાલુ રાખવા સંમતિપત્ર ભરવાનું હોય છે.

ધી થિયોસોફિકલ સોસાયટીના સને ૨૦૨૦-૨૧ માટે

લાઈફ મેમ્બરે પોતાનું સભ્યપદ ચાલુ રાખવાનો સંમતિપત્ર ઇન્ડિયન સેક્શનને મોકલાવ્યું ન હોય તો તા.ક. ધોરણે નીચેનું ફોર્મ ભરીને મોકલી આપે. તેની જાણ ઇન્ડિયન સેક્શનને દરેક વ્યક્તિએ જાતે જ કરવાની હોય છે.

ઉપર મુજબની જાણ નહી કરો તો તમે સભ્ય તરીકે ચાલુ રહેવા માંગતા નથી તેમ સમજીને ઇન્ડિયન સેક્શન તમારું નામ રદ કરી શકે છે.

સહકારની અપેક્ષા.

ગુજરાત થિયોસોફીકલ ફેડરેશન

*દર્શન મોદી (મંત્રી)*

*(મો. : ૯૪૨૭૩૧૧૯૫૪)*

---

From : ______________________

Address : ______________________

______________________

______________________

To,

President,

Indian Section,

Theosophical Society,

Kamachha, Varanasi 221010

Dear Brother,

I am a LIFE MEMBER Of Theosophical Society, Adyar, Chennai bearing Diploma No. ______________ Date ______________.

I am in good standing with (Lodge) ______________________________

With Hearty Good Wishes.

Yours Fraternally

---

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત**

## પુસ્તક સમીક્ષા

પ્રસ્તુતિ
શ્રી હર્ષદ દવે
*રેવા લૉજ, વડોદરા*

**જીડ્ડુ કૃષ્ણમૂર્તિ, પિલગ્રીમ, વારાણસી ૨૦૨૦, લેખક : પદ્મનાભન કૃષ્ણા**
**ભાગ : ૧. સંસ્મરણ એવું વ્યક્તિત્વ : પૃષ્ઠ સંખ્યા ૨૬૨, રૂ. ૩૫૦ (હિન્દીમાં)**
**ભાગ : ૨. શિક્ષાઓં કા અન્વેષણ : પૃષ્ઠ સંખ્યા ૧૫૪ રૂ. ૨૫૦ (હિન્દીમાં)**
**મૂળ પુસ્તક માટે પાબ્લો સેન્ડર્સ, અમેરિકા, દ્વારા કરવામાં આવેલી સમીક્ષા**

આ પુસ્તક લાંબા ગાળા સુધી થિયોસોફીકલ સોસાયટીના સભ્ય રહેલા પદ્મનાભન કૃષ્ણા, પીએચ.ડી., ની કૃતિ છે. તેમાં વર્તમાન સમયના આધ્યાત્મિક શિક્ષક કૃષ્ણમૂર્તિ વિષે લેખકના અને કૃષ્ણમૂર્તિથી સુપરિચિત એવી અન્ય વ્યક્તિઓના અંગત સંસ્મરણો સંકલિત કરવામાં આવ્યા છે. એવું નથી કે પ્રોફેસર કૃષ્ણા ફક્ત કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયાના ટ્રસ્ટી છે અને રાજઘાટ બેસન્ટ સ્કૂલના રેક્ટર રહી ચુક્યા છે, તેઓ કૃષ્ણમૂર્તિને ઘણાં વર્ષોથી જાણે પણ છે તથા તેમના શિક્ષણ વિષે પ્રોફેસર કૃષ્ણાને ઊંડી સમજ પણ છે. આ બધું તેમને આ પુસ્તકના લેખન માટે એક આદર્શ સ્થિતિમાં લાવે છે.

લેખક સહુથી પહેલા તો આપણને એ સમજાવવા માંગે છે કે કૃષ્ણમૂર્તિ કોણ હતા, કેવળ મંચ પર બેઠેલા એક શિક્ષક તરીકે નહીં, પરંતુ વાસ્તવિક જીવનમાં એક વ્યક્તિ તરીકે પણ તેઓ કોણ હતા તે જણાવવા ઈચ્છે છે. પરસ્પરના સંવાદો, ખાસ કરીને અહીં આ પ્રખ્યાત શિક્ષકના જીવનના આખરી સમયમાં તેમની વચ્ચે થયેલી વાતચીતને નોંધવામાં આવી છે, જેમાં અલગ અલગ પરિસ્થિતિઓમાં તેમના મનોગત જવાબો જાણવા મળે છે જે હંમેશાં તેમના જીવનના પ્રાથમિક ઉદ્દેશ્યની આસપાસ જ ગતિમાન રહે છે. એ ઉદ્દેશમાં હતી મનુષ્યમાત્રના કલ્યાણ માટે તેમની ઊંડી ચિંતા. અચ્યુત પટવર્ધન, વિમલા ઠકાર, રાધા બર્નિયર અને માર્ક લી જેવા વરિષ્ઠ સાથીઓના તેમણે લીધેલા ઈન્ટરવ્યુમાં આ અસાધારણ વ્યક્તિત્વને સમજવાની દિશામાં તેમનો પરિશ્રમ અને તેમના અનુભવો સ્પષ્ટ થાય છે. આ વિગત, અને કૃષ્ણમૂર્તિ વિષે દૃષ્ટાંતો અને ઘટનાઓનો સંગ્રહ, વાચકોને તેમના વ્યક્તિત્વના એવા અજ્ઞાત અને આંતરિક પાસાઓથી પરિચિત કરાવે છે જેની મોટાભાગના લોકોને જાણ નથી.

આ પુસ્તક પ્રોફેસર કૃષ્ણાએ લખેલા લઘુ નિબંધોનું ઉમદા સંકલન પણ છે જે કૃષ્ણમૂર્તિના કાર્યોની એક સુચારુ પ્રસ્તાવનાની અને તેમના પરિચયની આવશ્યકતા પૂરી પાડે છે. આ નિબંધો કાં તો તેમના શિક્ષણના પાયાના પાસાઓને જુએ છે અને તપાસે છે, અથવા જીવનના મહત્ત્વપૂર્ણ પ્રશ્નોની આ જ સંદર્ભમાં ગહન તપાસ કરે છે કે કૃષ્ણમૂર્તિ તેમાં કઈ રીતે ઊંડા ઉતરતા હતા. પારિભાષિક શબ્દોની એક યાદી પણ અત્રે આપવામાં આવી છે જે નવા વિદ્વાનોને માટે ઉપયોગી પુરવાર થશે.

કૃષ્ણમૂર્તિના વ્યક્તિત્વ અને જીવનની અમુક બાબતો બહુજ રસપ્રદ છે, જેમાં એવી ઘટનાઓ બને છે જે ક્યારેક ક્યારેક 'કે'ના નામ વિશેનું રહસ્ય જાણી શકાય છે. પ્રોફેસર કૃષ્ણા 'વિશ્વ-શિક્ષક' સ્વરૂપે કૃષ્ણમૂર્તિની ભૂમિકામાં પણ ઊંડા ઊતરે છે અને પણ

**સૌજન્ય : સ્વ. નિર્મળાબેન જી. સોનેજીના સ્મરણાર્થે !**
**સ્વ. શ્રી ઘનશ્યામભાઈ જે. સોનેજીના સ્મરણાર્થે, અમદાવાદ લોજ**

તે વિષય અંગે જાહેરમાં ચર્ચા કરવા અંગે કૃષ્ણમૂર્તિનું વલણ નકારાત્મક જ રહ્યું છે. અહીં કેટલોક ભાગ એ પણ દર્શાવે છે કે કૃષ્ણમૂર્તિ 'માસ્ટર્સ ઓફ વિઝડમ' એટલે કે દિવ્ય મહાત્માઓના અસ્તિત્વને નકારતા નથી. પણ એ તેઓ વસ્તુતઃ જે છે એ અંગેની ગેરસમજ પર, અને તેના ફળ સ્વરૂપે ઊભી થતી નિર્ભરતા પર સવાલ કરે છે. દાખલા તરીકે પ્રોફેસર કૃષ્ણા તેમના એક સંવાદ દ્વારા આપણને જણાવે છે કે જેમાં કૃષ્ણમૂર્તિ એ સમયના થિયોસોફીકલ સોસાયટીના ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટ રાધા બર્નીયરને પૂછે છે : "શું તમે એ જાણો છો કે અમ્મા (એની બેસન્ટ) માટે માસ્ટર્સનો અર્થ શો હતો? તેમને માટે તેઓ પોતાનો જીવ પણ આપી શકતા હતા. આ વાત જાણીને હવે તમે કહો કે તમે માસ્ટર્સને માનો છો ?' રાધાજીએ ભારપૂર્વક કહ્યું, 'હા સર !' કૃષ્ણજીએ તેમનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું, 'બહુ જ સારું !'

આ પુસ્તક કૃષ્ણમૂર્તિની ઉલ્લેખનીય એવી એ સંવેદનશીલતાની પણ તપાસ કરે છે કે જેથી તેમને એવું બોધ-સામર્થ્ય મળ્યું અને એવી ક્ષમતાઓ પ્રાપ્ત થઈ કે જેને મોટાભાગના લોકો ચમત્કાર જ માનશે. આ પુસ્તકમાં એવી ઘટનાઓનું વર્ણન છે કે જેમાં તેમને કોઈ સ્થળોએ અદશ્ય અશાંતિની ભાળ મળી, લોકોના વિચારોને તેમણે વાંચી લીધા, રોગોને દૂર કર્યા, અને એવા જ બીજા સંબંધિત વાક્યો. જો કે તેમના કહેવા મુજબ આ ઈન્દ્રિયાતીત ક્ષમતાઓ હતી, તેમને એનું કોઈ આકર્ષણ ન હતું, કારણ કે, તેમના કહેવા અનુસાર, આ એક પ્રકારની એવી શક્તિ છે જેનો સારપ સાથે કોઈ સંબંધ નથી. જેમ કે લેખકે સમીક્ષા કરી છે. 'કૃષ્ણમૂર્તિના કહેવા મુજબ અહંથી મુક્તિ કોઈ પણ શક્તિને વિકસિત કરવા કરતાં ઘણું વધારે જરૂરી હતું કારણ કે અહં કોઈપણ શક્તિનો, ઈન્દ્રિયાતીત શક્તિઓનો પણ, દુરુપયોગ કરી શકે છે.

થિયોસોફીના વિદ્યાર્થીઓ માટે, કૃષ્ણમૂર્તિનું જીવન બહુધા થિયોસોફીના ઘણા સિદ્ધાંતોનું નક્કર અને જીવંત પ્રમાણ છે. તેઓ તેમના વલણ–વર્તન પરથી અને ક્યારેક તેમના ન કહેલા વક્તવ્યો પરથી તેમના રોજ-બ-રોજના જીવનમાં તેમનો વ્યવહાર કેવો હોય છે તેના પરથી આ વાતના રોચક અને બોધપ્રદ ઉદાહરણ જોઈને જાણી જશે કે આ એવી વ્યક્તિ છે કે જે "વસ્તુઓના અપ્રગટ પાસા'ને પ્રત્યક્ષરૂપે જાણે છે. ઉદાહરણ તરીકે, એ ખબર પડ્યા પછી કે એક એવી વ્યક્તિની ધરપકડ થઈ છે કે જેને કૃષ્ણમૂર્તિ અને તેઓ બંને જાણે છે, પ્રોફેસર કૃષ્ણાએ કૃષ્ણમૂર્તિ સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ, લેખક આગળ કહે છે તેમ, જે શબ્દો મેં ટીવી પર સાંભળ્યા હતા એ શબ્દોનું હું પુનરાવર્તન કરું કે એ પહેલા તેઓએ મને એમ કહીને રોકી લીધો : 'સર, એ શબ્દોનું પુનરાવર્તન ન કરો, બિચારો કહીને જવા દો.' આ તેમની પવિત્રતાની હદ દર્શાવે છે. થિયોસોફીના વિદ્યાર્થીઓ કે જેઓ નકારાત્મક વિચાર–સ્વરૂપો અને 'એલિમેન્ટસ' તથા શાખાઓ સાથે તેમના સાહચર્યથી પરિચિત છે તેઓ કૃષ્ણમૂર્તિના આ વલણમાં આવી જ એ સલાહને જાણી જશે જે એચ.પી. બ્લેવેટ્સ્કી, એની બેસન્ટ અને સી. ડબલ્યુ લેડબીટર દ્વારા વારંવાર આપવામાં આવતી હતી.

થિયોસોફીકલ સોસાયટી વિષે અહીં અમુક એવા વક્તવ્યો પણ મળશે જે તેના સભ્યોને ત્રુટીપૂર્ણ લાગી શકે છે. જેમ કે, લેખકે એમ કહ્યું છે કે, આ વાસ્તવિક

*(અનુસંધાન પાન-૦૭ ઉપર)*

**સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી**
**ભાવનગર લોજ**

પ્રસ્તુતિ
શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ
અમદાવાદ લૉજ

# શ્રી નારદ ભક્તિ સૂત્ર

શ્રી નારદ ભક્તિ સૂત્ર – Self Realization Through LOVE : પ્રેમ દ્વારા આત્મસાક્ષાત્કાર
અંગ્રેજી – ડૉ. આઈ. કે. તૈમની, ભાવાનુવાદ : યોગેન્દ્ર દેસાઈ

શ્રી નારદજી ભગવાનના ૨૪ અવતારમાં ત્રીજા અવતાર ગણાય છે. "Self Realization Through LOVE" આ પુસ્તક આપણા ડૉ. તૈમનીજીએ શ્રી નારદ ભક્તિ સૂત્રના ભાષ્ય સ્વરૂપે અંગ્રેજીમાં લખેલ છે. જેનો ગુજરાતી ભાવાનુવાદ આપણા શ્રી યોગેન્દ્રભાઈ દેસાઈએ કરેલ છે. તેઓશ્રીએ અનેક વિદ્વાનો સાથે આ પુસ્તકના સૂત્રો વિશે ચર્ચા કરેલ છે. જેની છાંટ આ પુસ્તકમાં દેખાય છે. આપણા ફેડરેશનનાં ઉપપ્રમુખ શ્રી કાંતિભાઈ પટેલે સુરતના અધિવેશન સમયે દરેક સભ્યને આ પુસ્તક ભેટ આપેલ છે. તેઓશ્રીએ તેમના પત્ની કલાબેનના તથા માતાપિતાના સ્મરણાર્થે આ પુસ્તક છપાવી ભેટ આપી, મોટું કામ કર્યું છે. તેમને અભિનંદન ! બધાનો સામાન્ય અનુભવ છે કે પુસ્તક ભેટ મેળવી તેને વાંચનાર બહુ ઓછા હોય છે. તેથી મને વિચાર આવ્યો કે અમદાવાદ લોજમાં આ પુસ્તકના સારરૂપે વક્તવ્ય આપવું અને તે બાદ 'થિયોસોફિક જ્યોતિ'માં આપવું.

દેવર્ષિ નારદે 'ભક્તિના મહિમા' વિષે કહ્યું છે : 'આ પ્રેમ દિવ્ય છે, અમર છે, અમૃત છે, કારણ કે તે બિનશરતી છે. ભક્તિ ભીતર ઉઠે છે અને આસ્વાદ લેનાર તેને કદી ભૂલી શકતો નથી. જે પ્રાપ્ત કરીને મનુષ્યજીવન પૂર્ણ બને છે. એને પ્રાપ્ત કર્યા પછી કોઈ સ્પૃહા રહેતી નથી.'

### પ્રાક્કથન

શ્રી નારદજીને દેવર્ષિની પદવી પ્રાપ્ત થયેલ છે. તેઓ બ્રહ્માજીના માનસપુત્ર, વિશ્વ પ્રવાસી અને બ્રહ્માંડ પ્રવાસી વ્યક્તિ છે. તેમની સલાહને ઋષિઓ, મહારાજાઓ, દેવો, ગાંધર્વો, દાનવો અવગણી ના શકે.

શ્રી યોગેન્દ્રભાઈ દેસાઈએ આ ભાવાનુવાદને અનેક રીતે સમૃદ્ધ બનાવેલ છે. તેઓશ્રીએ આ પુસ્તક "શ્રી નારદ ભક્તિ સૂત્ર" તેમના માતા–પિતા, દાદાજી, શ્રી કાશીરામ શાસ્ત્રી તથા કલાબેનના ચરણોમાં અર્પણ કરેલ છે.

### પ્રાસ્તાવિક

ઈશ્વર સાથે અદ્વૈત એટલે આત્મસાક્ષાત્કાર ! આ માટે અનેક માર્ગો છે, તેમાંનો એક માર્ગ એટલે 'પ્રેમનો માર્ગ', ભક્તિનો માર્ગ ! જ્ઞાન માર્ગ વિસ્તારથી પતંજલિ યોગસૂત્રમાં સમજાવેલ છે. ત્રીજો 'કર્મ માર્ગ' એ આધ્યાત્મિક વિકાસનો રોજનો માર્ગ છે.

'શ્રી નારદ ભક્તિ સૂત્ર' જેઓને ઈશ્વર સાક્ષાત્કાર 'પ્રેમ દ્વારા' કરવો છે તેને માટે માર્ગદર્શક પુસ્તક છે. ભક્તિમાર્ગ પર ચાલનાર સાધકે બે તબક્કાનું ખાસ ધ્યાન રાખવાનું છે. પ્રથમ તબક્કો એટલે સતત ચાલુ રહેતો પ્રયત્ન, આત્મસંયમ, શુદ્ધિકરણ, સુચિતા કેળવવી અને સદ્‌ગુણોનો વિકાસ. જો સાધકમાં ખંત, પરિશ્રમ અને આંતરિક શક્તિ હોય તો બીજા તબક્કામાં પ્રવેશે છે. આ બીજા તબક્કામાં પરમાત્માનો પ્રેમ તેના કશાય પણ પ્રયત્ન વગર, તેના હૃદયમાં ઉદિત થવા લાગશે. ઈશ્વરને ભૂલી જવાય તો, વ્યાકુળતા થવી જોઈએ. એનું નામ 'ભક્તિ'. નેત્ર ભગવાનના દર્શન કરે, કાન

**સૌજન્ય : શ્રી ઉપેન્દ્રભાઈ હીરાલાલ દેસાઈ તથા શ્રીમતિ તરૂલતાબેન યુ. દેસાઈ તરફતી સસ્નેહ !**
**અમદાવાદ લોજ**

ભગવાનનો યશ સાંભળે, ચરણ ભગવાનના દર્શન કરે, હાથ ભગવાનની સેવામાં લાગે. સર્વ ઈન્દ્રિયો ભગવાનની સેવામાં લાગે તે આવી ભક્તિ જ શ્રેષ્ઠ સાધના છે.

'શ્રી નારદ ભક્તિ સૂત્ર'ના ૮૪ સૂત્રો છે તે જોઈએ

**અધ્યાય – ૧ : પરાભક્તિનું સ્વરૂપ**

સૂત્ર ૧ : ભક્તિ એટલે પરમાત્મા પ્રત્યેનો પ્રેમ. પૃથ્વી પરની કોઈપણ વસ્તુનો લગાવ નાશવંત છે. પરમાત્મા જ આપણું સર્વસ્વ છે. બાહ્ય રીતે દેખાતા ઈશ્વરને માનવસ્વરૂપ આપતી મૂર્તિપૂજા પાછળ ગહન, ગૂઢ રહસ્ય રહેલું છે.

સૂત્ર ૨ : પરમાત્મા પ્રત્યેની ભક્તિ એટલે તે પરમ પ્રેમ સ્વરૂપ હોય છે.

સૂત્ર ૩ : આપણું ખરું સ્વરૂપ તે શાશ્વત છે, જે મૃત્યુથી પર છે. જેમ જેમ ભક્તિનો પરિપાક થતો જાય છે તેમ સાધક—ભક્ત ભગવાનની નીકટતા અનુભવવા લાગે છે. શાશ્વત શક્તિઓ પ્રાપ્ત થાય છે.

સૂત્ર ૫ : ભગવત્ પ્રેમ પ્રાપ્ત થતાં ભક્તને શોકનો અનુભવ થતો નથી. તે કોઈનો તિરસ્કાર કરતો નથી. કોઈ બાબત પર અતિ આનંદ/ઉત્સાહ બતાવતો નથી.

સૂત્ર ૬ : પરમાત્માને જાણ્યા બાદ ભક્ત આનંદમાં મત્ત બની જાય છે તેમજ શાંત અને આત્મસંતુષ્ટ બને છે.

સૂત્ર ૭ : પરમાત્મા તરફનો પ્રેમ પ્રાપ્ત કરવા દુન્યવી કામનાઓનો ધીમે ધીમે ત્યાગ કરવાનો છે. આથી સ્વાર્થી કામનાઓ ઓછી થાય છે. આત્મસંતુષ્ટ બને છે.

સૂત્ર ૮ : જે જવાબદારી તમારી ઉપર છે તેનું વફાદારીપૂર્વક પાલન કરવાનું છે, પણ પોતાના પૂર્વગ્રહો અને પક્ષપાતનો સહારો લેવાનો નથી.

સૂત્ર ૯ : સાધકે પરમાત્મા સિવાય અન્યની ઈચ્છા કરવાની નથી. જે કોઈ વિરોધી હોય તેની તરફ ઉદાસીનવૃત્તિને કેળવતા જવાનું છે.

સૂત્ર ૧૦ : એક ધ્યેય તરફની વફાદારી – તે સિવાય અન્યની ઈચ્છા કરવાની નથી, નહીં તો ભક્તિભાવ અદૃશ્ય થશે.

સૂત્ર ૧૧ : આપણે આપણી ધાર્મિક ફરજો અને વ્યવહારિક ફરજો બજાવવાની છે અને ચિત્તને દૃઢ ભક્તિ પરાયણ રાખવાનું છે.

સૂત્ર ૧૨ : ભક્તિ/પ્રેમ પ્રૌઢત્ત્વ પ્રાપ્ત કરે છે ત્યારે ફરી પાછું તે કાર્ય કરવા લાગે છે અને પરમાત્મા પ્રત્યેની ભક્તિ તીવ્ર બને છે.

સૂત્ર ૧૩ : જ્યાં સુધી સાધક ભક્તિમાં અવસ્થિત ના થાય ત્યાં સુધી શાસ્ત્રોની આજ્ઞાનું પાલન કરવાનું છે. કારણ કે તે ભક્તિને જગાડવામાં સહાયક બને છે, પણ સાધક જ્યારે ભક્તિની ઉપલબ્ધિ કરી લે છે ત્યારે શાસ્ત્રોની આજ્ઞા નકામી થઈ જાય છે.

સૂત્ર ૧૪ : સાધકના જીવન સાથે સંકળાયેલા કાર્યો ત્રણ પ્રકારના છે (૧) ધાર્મિક ક્રિયાઓ (૨) સામાજિક રીતરિવાજો, જ્યાં સુધી ભક્તિ દૃઢ ન બને ત્યાં સુધી ચાલુ રાખવાના છે. (૩) શરીર ટકાવી રાખવામાં આવતી ક્રિયાઓ, ખાવું, શરીરનું હલનચલન તેમજ કુદરતી ક્રિયાઓ ચાલુ રાખવાની છે. આના પાલનમાં બેદરકાર રહેવાનું નથી. શરીર ના ટકે તો સાધના ના થાય.

સૂત્ર ૧૫ : ભક્તિના લક્ષણો હવે જુદા જુદા દૃષ્ટિકોણ દ્વારા દર્શાવવામાં આવે છે. હવે પછીના સૂત્રો એક સાથે લઈએ. આ સૂત્રો પાછળથી ઉમેર્યા હોય તેવું બની શકે.

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

સૂત્ર ૧૬, ૧૭, ૧૮ : આમાં ભગવાનની પૂજા વિ.ને સ્થાન આપવામાં આવ્યું છે. વિધિવિધાનથી – કર્મકાંડથી ભગવાન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થઈ શકે છે. ભક્તિમાર્ગની શરૂઆત કરનાર માટે વિધિવિધાનનું પાલન ખૂબ અગત્ય ધરાવે છે. ગર્ગાચાર્યજીના મતે ભગવાનની અવતાર લીલાઓનું આકર્ષણ તેનું નામ ભક્તિ. આથી ભગવાન તરફનો પ્રેમ વૃદ્ધિ પામે છે. શાંડિલ્યના મત પ્રમાણે પોતાના આત્મા ઉપર જેવો પ્રેમ હોય, એવો જ ભગવાન પ્રત્યે પ્રેમ રાખવો અને ભક્તિમાર્ગ તરફ ધૃણા રાખતી બધી વસ્તુઓનો ત્યાગ કરવો તે ભક્તિ છે. ભગવાન પ્રત્યેનો પ્રેમ આપણા વર્તનમાં પણ દેખાવો જોઈએ.

સૂત્ર ૧૯ : નારદજીનું એવું માનવું છે કે બધા કાર્યકલાપો ઈશ્વરને સમર્પિત કરવા તે જ ભક્તિ છે. જો ભગવાનને ભૂલી જવાય તો ખૂબ ઉદ્વેગ થાય છે. ભક્તિમાં સુખ અને પીડા બંને સામેલ છે.

સૂત્ર ૨૦ : ભક્તના દરેક કાર્યો ભગવાનના તરફ જ પ્રેરાએલા હોવા જોઈએ. જે ક્ષણે ભક્તનું મન ઈશ્વરથી છૂટું પડી જાય તો ભક્તને પારાવાર પીડા થાય છે.

સૂત્ર ૨૧ : વ્રજની ગોપીઓનું સમગ્ર જીવન ભગવાનને સમર્પિત હતું. એક ક્ષણ પણ ભગવાનનો વિયોગ થાય તો અસહ્ય પીડા સહન કરવી પડતી.

સૂત્ર ૨૨ : ગોપીઓને શ્રી કૃષ્ણ તરફ તીવ્ર પ્રેમ હતો, પણ તેઓ એ વાત ભૂલી ન હતી કે શ્રી કૃષ્ણ પરમાત્મા છે. તેથી કૃષ્ણ તરફનો પ્રેમ કોઈ ડાઘ વગરનો હતો. એક ક્ષણનો પણ વિયોગ મરણ કરતાં પણ વધુ હતો.

સૂત્ર ૨૩ : શ્રીકૃષ્ણના મહિમાનો ખ્યાલ ગોપીઓને હતો અને તેથી જ તેમની વચ્ચે કોઈ હીન પ્રકારનો પ્રેમ ન હતો.

સૂત્ર ૨૪ : સાચા પ્રેમીમાં પ્રેમના સુખી થવા સાથે સુખી થવાનો જ વિષય હોય છે. ગોપી ગીતમાં ગાયું છે કે 'તમે કોઈ સાધારણ મનુષ્ય નથી. ભક્ત તો કેવળ આપે છે, કોઈ વળતરની આશા નથી રાખતો. દિવ્ય પ્રેમને ભૌતિક પ્રેમ સાથે કોઈ લેવાદેવા નથી.' 'ભગવાન મારા માલિક છે. હું તેમનો દાસ છું.' આ વલણ ઉચ્ચતમ અનુભૂતિ કરાવવા સમર્થ છે.

**અધ્યાય – ૨ : પરાભક્તિનો મહિમા**

સૂત્ર ૨૫ : 'ભક્તિ' કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને યોગમાર્ગ કરતાં પણ વધારે ઊંચી છે. શ્રી શંકરાચાર્યજીના કહેવા પ્રમાણે 'ભક્તિ' સંસાર બંધનમાંથી મુક્ત કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે. પણ સાધકે આ બધા અલગ અલગ માર્ગોની સરખામણીમાં પડવું નહીં. દરેક માર્ગ આપણને આપણા મૂળ તરફ લઈ જવા સક્ષમ છે. માટે સાધક જીવનના જે તબક્કામાં હોય તે તબક્કાને અનુરૂપ માર્ગને તેણે અપનાવવાનો રહે છે.

સૂત્ર ૨૬ : જ્યારે સાધક ભક્તિનો વિકાસ સાધવાનો પ્રયત્ન કરે છે ત્યારે ભક્તિ વધારે તીવ્ર બનતી જાય છે અને સાધકની ચેતનાનું દૈવી ચેતના સાથે સમાધિમય એકીકરણ થઈ જાય છે. આત્મસાક્ષાત્કાર, ધ્યાન, ધ્યેય એક થઈ જાય છે. ભક્તિ કોઈથી ઉત્પન્ન કરી શકાતી નથી. ભક્તિ સદા સર્વદા પ્રાપ્ત છે, તે પ્રાપ્તવ્ય નથી.

સૂત્ર ૨૭ : ભક્તિનો માર્ગ ભક્તને દુન્યવી કામનાઓથી ઉપર જવાનું શીખવે છે, ભક્ત–ભગવાન વચ્ચેની દિવાલ તૂટતી જાય છે. પોતાનું 'હું પણું' ઘટાડે છે.

**સ્વ. મંજુલાબેન મનસુખભાઈ મિસ્ત્રીના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી મનસુખભાઈ ગોરધનદાસ મિસ્ત્રી, અમદાવાદ લોજ**

સૂત્ર ૨૮ : વ્યક્તિ માટે એ જ્ઞાનની આવશ્યકતા છે કે 'હું જેની ભક્તિ કરું છું, તે સર્વના માલિક, જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ, પાલન, સંહાર કરનાર, માયાપતિ, સર્વ શક્તિમાન, સર્વજ્ઞ, નિર્ગુણ, નિર્વિકાર, નિરાકાર, સગુણ સાકાર ભગવાન જ છે તેનાથી કંઈ જ શ્રેષ્ઠ નથી.

સૂત્ર ૨૯ : જેમ જેમ ભક્ત પોતાની ચેતનાને પરમની ચેતના સાથે એક કરતો જાય છે, તેમ તેમ તેની ભક્તિ દૃઢ બનતી જાય છે અને ચેતનાનું એકીકરણ પરમના સાક્ષાત્કાર તરફ લઈ જાય છે. જ્ઞાન–ભક્તિ એકબીજાના પૂરક છે.

સૂત્ર ૩૦ : ભક્તિમાં પ્રેમ અને શ્રદ્ધા બંને હોય છે. સાધન, સાધ્ય, સાધકની એકરૂપતા હોય છે.

સૂત્ર ૩૧ : મનુષ્ય પોતે શુદ્ધ, બુદ્ધ, સત્, ચિત્ આનંદસ્વરૂપ આત્મા છે. એ સ્થિતિનું વિસ્મરણ પરમાત્મા સાથેના અડગ પ્રેમથી, પોતાની મૂળ સ્થિતિ તેને પ્રાપ્ત થાય છે. મનની નીચલી ભૂમિકા, પાર્થિવ વિષયો દ્વારા ઈન્દ્રિયોને સંતોષે છે. પરમાત્મા વાસનું ક્ષેત્ર મનની ઉપરની ભૂમિકાનું છે. ભક્તિમાં 'સબસે પ્યાર સે રહેના યોગ હૈ.'

સૂત્ર ૩૨ : નિમ્ન વાસનાઓ, નિમ્ન ઈચ્છાપૂર્તિઓનો કશો અર્થ નથી. ખરો આનંદ, ખરું સુખ આપણે આપણી દિવ્ય પ્રકૃતિને જાણીએ ત્યારે જ પ્રાપ્ત થાય છે. જ્ઞાન મેળવવાનું સાધન પ્રેમ કે ભક્તિ જ છે.

સૂત્ર ૩૩ : 'ભક્તિ' સંસાર બંધનને મુક્ત કરે છે. ભક્ત જે સંજોગો આવે તેને ઈશ્વર પ્રેરિત સમજીને આવકારે છે. ભક્તિનું ફળ આત્મ સાક્ષાત્કાર.

**અધ્યાય – ૩ : ભક્તિના સાધનો**

સૂત્ર ૩૪ : ભક્તિની તીવ્રતા એટલી વધે છે કે ચેતના તેના ભગવાનની સાથે એક થઈ જાય છે. ધ્યાન, ધ્યાની, ધ્યેય એક થઈ જાય છે.

સૂત્ર ૩૫ : ભક્તિનું સાધન વિષય ત્યાગ અને સંગ ત્યાગથી એક થઈ જાય છે. બહિર્મુખી વૃત્તિને અંતર્મુખી વ્યક્તિત્વ બનાવવું જરૂરી છે. કર્મથી, પુત્રથી, કુટુંબથી કે ધનથી નહીં પણ એક ત્યાગથી અમરતા પ્રાપ્ત થાય છે. દ્રવ્યના મોહનો ત્યાગ સત્કર્મોથી–દાનથી વિષયોનો – સ્થૂલ ભોગોનો ત્યાગ વ્રતોથી, તેમજ તપથી થઈ શકે છે.

સૂત્ર ૩૬ : અખંડ પ્રભુસેવા એ પણ ભક્તિનું સાધન છે. સતત સ્મરણ, ભક્તિના વિકાસ માટે જરૂરી છે. આત્મસાક્ષાત્કાર એજ આપણું અંતિમ લક્ષ્ય છે.

સૂત્ર ૩૭ : ઈશ્વરના ગુણગાનનું શ્રવણ, કિર્તન રોજરોજની વ્યવહારિક પ્રવૃત્તિ કરતાં કરવું એ પણ ભક્તિનું સાધન છે. ભક્તિનો વિકાસ ફક્ત ધાર્મિક પ્રવચનો આપવાથી કે શ્રવણ કરવાથી કશું વળતું નથી. ભાગવતમાં કહ્યું છે કે 'જે વિષયોનું સતત ચિંતન કરે છે તે વિષયોમાં ડૂબી જાય છે, પરંતુ જે મારું, ઈશ્વરનું ચિંતન કરે છે તે મારામાં લીન થાય છે.'

સૂત્ર ૩૮ : મુખ્યત્વે વ્યક્તિ મહાપુરુષોની કૃપાથી અથવા ઈશ્વરની કૃપાથી મળે છે. ભગવાને કહ્યું છે કે 'હું સત્સંગથી અને ભક્તિથી વશ થઉં છું.

સૂત્ર ૩૯ : સાધકે પોતાના ચિત્તની શુદ્ધિ કરવી અને તે પ્રકારનું જીવન આચરવા પ્રયત્ન કરવો. મહાપુરુષો સાધકના પ્રજ્ઞા શરીરને સીધો સ્પર્શ કરી શકે છે. તેથી સ્થૂલ સ્પર્શની જરૂર નથી. છતાં આવો સંગ દુર્લભ હોય છે. (ક્રમશઃ)

(મો. : ૯૪૨૮૯૧૯૪૭૫)

**સ્વ. શ્રીમતિ નિર્મળાબેન નંદલાલ ચાવડાની સ્મૃતિમાં...**

**સૌજન્ય : શ્રી નંદલાલ એસ. ચાવડા, ગ્રામ સેવા લોજ, કોંજલી**

પ્રસ્તુતિ
શ્રીમતિ પરવીન પટેલ
રેવા લોજ, વડોદરા

# જરથોસ્તી ધર્મ

સર્વ ધર્મોનું મૂળ એક જ છે. માનવજાતિના વિકાસ અર્થે નવી પ્રજા અને નવી સંસ્કૃતિની શરૂઆતમાં કુદરતનાં અમુક સત્યો ધર્મરૂપે પ્રગટ થાય છે. તે દિવ્યસંદેશ અને તેમાં વણાયેલા સિદ્ધાંતો અને નિયમોના આધારે તે પ્રજા પોતાની આધ્યાત્મિક પ્રગતિ કરે છે. સત્ય કેવળ એકજ છે. તોલ–માપ કે દૃષ્ટિબિંદુથી જાણી કે માપી શકાય તેમ નથી. તેનાં અવનવાં વિવિધ પાસાંઓની રજૂઆત તે પેટા (ઉપ) જાતિનાં જીવાત્માઓના પ્રગતિકરણને આધારે, તે જમાનાનાં સામાજિક, ભૌગોલિક અને પ્રચલિત ધાર્મિક માન્યતાઓને આધારે જુદા જુદા ધર્મો દ્વારા થતી આવી છે. બધા જ ધર્મોનું મૂળ એક જ હોવાથી તે સર્વ પોતાની રીતે શ્રેષ્ઠ છે, તેથી સર્વ ધર્મો સન્માનને પાત્ર છે.

આર્ય મહાપ્રજાના નિર્માણ સમયે મધ્ય એશિયામાં ગોબી સમુદ્રની મધ્યે સ્થિત શ્વેત દ્વીપ કે સંબાલા ઉપર શુક્રના ગ્રહ ઉપરથી પધારેલા અગ્નિપુત્રો કે કુમારોના શિષ્યો દ્વારા શરૂની પેટા જાતિના વિકાસ અંગે તૈયારી થઈ હતી. આર્ય મહાપ્રજાની ત્રીજી પેટા (ઉપ) જાતિના વિકાસ અર્થે ઈરાન (અઈરયમન વજર્ય) ભૂમિ ઉપર મહાગુરૂ દ્વારા અગ્નિના મહત્ત્વને પ્રદર્શિત કરનાર ધારા પ્રગટી. તે સમયની પ્રજામાં મજદયશની દિવ્યજ્ઞાન (પ્રજ્ઞાન)નો ધર્મ પ્રચલિત હતો. અર્થાત્ સનાતન ધર્મ પ્રચલિત હતો. પરંતુ આમ પ્રજા, અંધશ્રદ્ધા, વહેમોથી ભરપુર (**Black Magic**) વામપંથી બની હતી. તેને સાચે માર્ગે દોરવવા શ્વેત દ્વીપ (સંબાલા)માંથી એક ટોળું ઈરાન તરફ રવાના થયું. પયગંબર શ્રી અષો જરથોસ્ત જે પોતાની ઓળખ અગ્નિપુત્રના શિષ્ય તરીકે આપે છે તેઓ અગ્નિના મહત્ત્વને દર્શાવા સંદેશાવાહક રૂપે પ્રગટ થયા. પૂ. બેસન્ટ મૈયા જણાવે છે કે ઐતિહાસિક રીતે બનેલો આ બનાવ આકાશિક રેકોર્ડમાં નોંધાયેલ છે. કેટલા વર્ષો પૂર્વે આ બનાવ બન્યો તે કેવળ દિવ્યદૃષ્ટા કે દિક્ષીતોજ તેને વાંચીને સમજી શકે. જરથુસ્ત્ર એક પદવી છે, જેમ બુદ્ધની છે તેમ. એકથી વિશેષ જરથુસ્ત સંદેશ આપી ગયા છે. છેલ્લા જરથુસ્ત સ્પિતમ હતા. સૌથી પ્રથમ જરથુસ્ત સાહેબે લોકો સમક્ષ અગ્નિના મહત્ત્વને જાહેર કરવા એક પાત્રમાં સુગંધિત લાકડીઓ મૂકેલી હતી. તેના ઉપર આકાશમાંથી અગ્નિ નીચે ઊતારી તેને પ્રજ્વલિત કરી હતી. જેનું વર્ણન શ્રી લેડબીટર સાહેબે **Lives of Alchione** માં કર્યું છે. અગિયારીઓમાં (મંદિરો)ના ગર્ભદ્વારમાં સ્થાપિત અગ્નિનીજ પૂજા દિવસમાં પાંચ વખત કરવામાં આવે છે.

પયગંબર જરથ્રોસ્ત અષનો, અશોઈનો ઉપદેશ આપી ગયા છે. અશોઈ એટલે પવિત્રતા, ખુશાલી, ઝળકાટ, તંદુરસ્તી, ન્યાય, પ્રેમ, ભક્તિ, ક્ષમા, દયા, જ્ઞાન, શાંતિ, દાન, સત્ય, નીતિ–નિયમ, પરોપકાર, સત્વગુણ વગેરે. બાહ્ય પવિત્રતા જરૂરી છે, પરંતુ સાચા અર્થમાં મન અને હૃદય વધુ પવિત્ર અને નિર્દોષ હોવાં જરૂરી છે. જેથી અંતઃકરણ (દએના) દિવ્ય પ્રવાહો ઝીલી વધુ પ્રકાશિત બનતું જાય. મનની પવિત્રતા ભાન (સંવિત) **Consciouness** ખીલવે છે. અષોઈ શ્રેષ્ઠ સંપૂર્ણ બક્ષિસ (ન્યામત) છે. પવિત્રતા, સત્ય, કાયદો–વ્યવસ્થા, વૃદ્ધિ (વિકાસ) એકત્વને સંપૂર્ણતઃ પોતામા

**સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ**

પ્રગટાવાથી અષોઈ સાચા અર્થમાં સંપૂર્ણ બને છે. અશોઈના ઉપદેશને ભારપૂર્વક દર્શાવ્યો હોવાથી તેઓ અષો જરથ્રુસ્ત તરીકે ઓળખાયા.

સંસ્કૃતમાં જેમ પરા–પશ્યંતિ ભાષાનું મહત્ત્વ છે તેજ રીતે જરથ્રોસ્તી સ્તુતિઓ – પ્રાર્થનાઓ 'ઝનઝાર' દેવભાષામાંથી પ્રગટી છે. ઝનઝાર પ્રતીકો, રંગો, અવાજનાં વાઈબ્રેશનોનું (તરંગોનું) કુદરતી સંમિશ્રણ છે, જેને કેવળ દીક્ષિતોજ સમજી શકે છે. તેના ઉપરથી જ સૌથી પ્રાચીન અવસ્તા ભાષાનું સાહિત્ય વિકસ્યું છે. તે વેળા ૨૧ વિષયોને સંકલિત કરનાર જુદા જુદા ભાષ્યો હતાં, જે ૨૧ 'નુક્સ' તરીકે ઓળખાતાં. જેની અંદર ખગોળ વિદ્યા, જ્યોતિષ વિદ્યા, નાદ વિદ્યા, વૈદક, વાઢકાપની વિદ્યા, વનસ્પતિ શાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, કૃષિ વિજ્ઞાન, સંગીત વિદ્યા, ફિલોસોફી, આધ્યાત્મ વિદ્યા, નિયમોનું શાસ્ત્ર ઈત્યાદિ હતાં. પરંતુ સિકંદરે જ્યારે ઈરાન ઉપર ચઢાઈ કરી ત્યારે બદલાની ભાવનાથી કે દારૂની અસર હેઠળ પસ્તપોલિસના રાજમહેલની સાથે તેનુ પુસ્તકાલય અગ્નિમાં ભસ્મીભૂત કર્યું. કિંવદંતિ છે કે તે આગ લગભગ ૩૦ દિવસ ચાલુ રહેલી. તેમાંથી કેટલાંક પુસ્તકો બીજે સંગ્રહિત હતાં. કેટલાંક પુસ્તકો ગ્રીસ રવાના કર્યા. બાકીના કેટલાંક લુપ્ત થઈ ગયાં. આ બનાવને ૩૦૦ વર્ષ વીત્યા પછી ત્યાંનાં વિદ્વાનોએ તેને એકત્રિત કરી તે વેળાની લોકભાષા પાઝંદમાં પુસ્તકો રૂપે સંકલિત કર્યાં.

આ સાહિત્યમાં યસ્ન મુખ્ય છે. તેના પહેલાં વિભાગમાં ગાથાનું સાહિત્ય છે. બીજા વિભાગમાં લાંબી પ્રાર્થનાઓ, આહ્વાહ્નો અને ક્રિયાકાંડો રજૂ કરવામાં આવ્યા છે.

ગાથા એ આકાશવાણી છે, એનાં વાઈબ્રેશન્સ ઉત્તમ છે. ગાથાનું સાહિત્ય ચારે વેદને ઘણું મળતું આવે છે, જેમાં જ્ઞાન યોગનો સમાવેશ થાય છે.

પહેલો ગાથા : અહુનવદ (Divine Will) સાધકમાં દિવ્ય સંકલ્પ પ્રગટાવી સાચી વિવેકબુદ્ધિ પ્રદીપ્ત કરે છે. જે કંઈ નાશ્વંત છે, ક્ષર છે તેને છોડતાં શીખવાનું છે, જેથી ધીરે ધીરે તેનામાં જ્ઞાન પ્રગટે છે. "ખુદા તરફથી ભલી અક્કલની બક્ષિસ થાય તેથી માણસનું હૃદય પવિત્ર બને."

બીજો ગાથા : ઉશ્તવદ (Divine Light or Bliss) દિવ્ય પ્રકાશ – (શાંતિ) અમરસુખ. દરેક વસ્તુને તેનાં અસલ (મૂળ) સ્વરૂપમાં રૂપાંતર કરે છે. ભક્તિમય પ્રકાશથી શરણાગતિ પામી તમારાં મૂળ સ્વરૂપ તરફ આગળ વધવામાં મદદ કરે.

ત્રીજો ગાથા : સ્પેન્તોમદ (Divine Wisdom અથવા (Good Spirit) ભલી દિવ્ય (મીનોઈ) શક્તિ. તમારા આંતરિક પ્રયાસોને પરિણામે સત્ય અને ભલાઈને તમારી અંદર પ્રગટાવી સાચું જ્ઞાન સ્ફુરે.

ચોથો ગાથા : વોહુક્ષત્ર (Divine Service અથવા Divine Power) સાચો સેવાભાવ, સમર્પણ સાથે દિવ્ય સત્તા તમારામાં પ્રગટે, તમારી આંતરિક શક્તિ અને બળ બીજાંને મદદરૂપ બનવા પ્રેરે. અહીં સાધક પોતે અંદરની શક્તિ મુજબ બીજાં જિજ્ઞાસુઓને આધ્યાત્મિક માર્ગે દોરવવાની કોશિષ કરે છે. તેઓને જ્ઞાન આપી વિકસીત કરે છે.

પાંચમો ગાથા : વહિશ્તોઈશ્ત – વહિશ્તોયશ્ત (Divine Boon) દિવ્ય આશિષ. અહીં સાધક કે ભક્ત પોતાના ગુરુ કે પયગંબરના દિવ્ય આશિષ પામી પોતાનું સાચું કલ્યાણ કરવા પ્રેરાય છે. અહીં શિષ્ય સાચા અર્થમાં ગુરૂશરણે જઈ અહમ્ ભાવ છોડીને

**સ્વ. ચંદ્રિકાબેન વિજયકુમાર ભટ્ટના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટ, ગાંધીનગર લોજ**

સાચા દિવ્યત્વની (જ્ઞાન–પ્રેમની) એકરૂપતાની અનુભૂતિ કરે છે.

સાહિત્યમાં બીજું વિસ્પરદ છે જેમાં લાંબા મંત્રોચ્ચાર સહિતના આહ્‌વાહ્‌નો છે.

સાહિત્યમાં ત્રીજું વંદીદાદ એટલે પવિત્રતાના નિયમોનો સંગ્રહ. જેમાં સ્વચ્છતાના નિયમો (સ્થૂળ અને આંતરિક પવિત્રતા), ગેરવર્તણૂંક અંગે શિક્ષા, મૃતકો અંગેની વ્યવસ્થા, ક્રિયાકામ **Priests** દસ્તુરોની પોતાની ફરજ, અગ્નિ પ્રગટાવવા તથા તેને ટકાવી રાખવા માટે ચર્ચા કરવામાં આવી છે.

છેવટે ખોરદેહ અવસ્તા નાનકડો પ્રાર્થના સંગ્રહ દિવસના ૨૪ કલાકને પાંચ વિભાગોમાં વહેંચી દેવાય છે. તે દરેકને માટે નાની વિશેષ બંદગી હોય છે. સૂર્ય – સૂર્યનાં કિરણો, (મિથ) વિચારો, ચંદ્ર, જળ, અગ્નિ, વાયુ ઉપરાંત સૂક્ષ્મ તત્ત્વો અંગે સ્તુતિ છે. આમાંની ટૂંકી પ્રાર્થનાઓ 'નીઆએશ'ના નામે ઓળખાય છે. જ્યારે લાંબી પ્રાર્થનાઓ 'યશત'ના નામે ઓળખાય છે. આમાં સરોષ યઝદ (જ્ઞાન–દેવતા)નું ખાસ મહત્ત્વ છે. જે હિન્દુઓના શ્રી ગણેશ જેવા કહી શકાય, સરોષ યઝદ સ્થૂળ તથા સૂક્ષ્મ શરીરોની શુદ્ધિ અને વિકાસમાં મદદરૂપ છે. તમારી અંદર પ્રેરણા આપી જ્ઞાન પ્રગટાવે છે. મૃત્યુ પછી પણ તે મૃતાત્માને સૂક્ષ્મ ભૂવનમાં આગળ દોરવણી કરે છે. તેથી જ સરોષ યઝદ 'દસ્તીગીરે રવાન' જીવાત્માનો હાથ પકડનાર કહેવાયા છે. સાચી આંતરિક એકતા અને ભાન **(Consciouness)** ની ખીલવણી માટે હોમયઝદની બંદગી છે. મુશ્કેલી કે સંકટવેળા બહેરાળ યઝદની બંદગી કરાય છે. લક્ષ્મી તથા દુન્યવી સંબંધો પ્રેમપૂર્વક જાળવવા અશીશવંઘ (સ્ત્રી) બાનુની આરાધના છે. આવાં અદ્વિસુર જળનું પ્રતીક છે. સ્ત્રીઓની પ્રસુતિની પીડા અને દુઃખ સમયે તે મદદકર્તા છે. તંદુરસ્તી માટે નાનકડી પ્રાર્થના છે. દુઆ – નામસેતાયેશ્નેમાં કર્મયોગને બહુ જ વિશિષ્ટ રીતે ટૂંકાણમાં દર્શાવાયેલો છે. (ક્રમશઃ)

(મો. : ૯૯૭૮૩૭૧૮૦૪)



ભાવનગર લોજના સભ્ય શ્રીમતિ નલીનીબેન નટુભાઈ મહેતાનું દુઃખદ અવસાન થયું છે. તેમનો ડિપ્લોમા નં. ૧૦૨૮૮૬ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે. તેમના કુટુંબીજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ અને પ્રેરણા આપે. ભાવનગર લોજના તથા ફેડ.ના તમામ સભ્યો સદ્‌ગતના આત્માની ઉચ્ચ ગતિ થાય તે માટે પ્રાર્થના કરીને શ્રદ્ધાસુમન અર્પે છે.



સ્વ. અશ્વિનભાઈ દવેના (ડિપ્લોમા નં. ૯૯૦૯૦, ઉ. વ. ૭૧) અકાળે થયેલા દુઃખદ અવસાનના સમાચાર જાણી અમદાવાદ લોજના સૌ સભ્યો ઊંડા ખેદની લાગણી અનુભવે છે. પરંતુ પ્રભુ ઈચ્છાને સમર્પિત થયા સિવાય બીજો કોઈ વિકલ્પ હોતો નથી. સદ્‌ગતનો મિલનસાર સ્વભાવ, અન્યને મદદગાર થવાની તત્પરતા ચિરકાળ સુધી યાદ રહેશે. લોજના દરેક ઉત્સવમાં તેઓ ખડેપગે સેવા આપવા હમેશાં સ્વેચ્છાએ તૈયાર રહેતા. પરમકૃપાળુ પરમાત્મા દિવંગતના આત્માને સદ્‌ગતિ આપે તથા કુટુંબીજનોને આઘાત સહન કરવા શક્તિ આપે એવી પ્રાર્થના.

# શાખા સમાચાર

## ઈ–મીટીંગ્સ

- **રોહિત લોજ, અમદાવાદ :-** દર શનિવારે સાંજે ૬ થી ૭ દરમિયાન આયોજીત ઈ–મીટીંગ્સ :
  એપ્રિલની ૨૪મીએ રાષ્ટ્રીય વ્યાખ્યાતા, અકોલાના શ્રી નંદકુમાર નારાયણરાવ રાઉતે 'શ્રી દામોદર માવળંકરનું જીવન અને કાર્ય' વિષે હિંદીમાં પ્રવચન કર્યું. મે ની ૧લીએ અડ્યારથી પ્રસારિત 'ભારત સમાજ પૂજા મંદિરના ભૂમિ પૂજનની શતાબ્દિ મહોત્સવ' નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં ભાગ લીધો. ૮મી મે નાં રોજ 'શ્વેત પદ્માષ્ટમીની ઉજવણી' સંપન્ન થઈ. ગુજ. થિયો. ફેડ. પ્રમુખ શ્રી નરેશભાઈ ત્રિવેદીએ વૈશ્વિક પ્રાર્થના કરી તથા સંદેશાઓ રજૂ કર્યા. ફેડ. મંત્રી શ્રી દર્શનભાઈએ મેડમ બ્લેવેટ્સ્કીની જીવન ઝરમર રજૂ કરી 'વોઈસ ઓફ ધ સાયલન્સ'માંથી સુશ્રી કેશ્વર દસ્તુરે વાંચન કર્યું. ભગવદ્ ગીતામાંથી શ્રી રમેશભાઈ ડોલીઆએ વાંચન કર્યું. 'લાઈટ ઓફ એશિયા'માંથી શ્રી હર્ષવદન શેઠે વાંચન કર્યું. સુશ્રી વર્ષા પટેલે અંતે પ્રાર્થના રજૂ કરી સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ધવલ શેઠે કર્યું. ૨૨ સભ્યોએ ભાગ લીધો.
- **રેવા લોજ, વડોદરા :** દર રવિવારે સવારે ૯.૩૦ થી ૧૦.૧૫ દરમિયાન આયોજીત ઈ-મીટીંગ્સ :
  ૨૫મી એપ્રિલે ડૉ. શ્રી ઋતુરાજ પંડ્યાએ 'સ્થૂળ, સુક્ષ્મ અને કારણ શરીરના આહાર વિષે' મનનીય પ્રવચન આપ્યું. મે મહિનાની બીજીએ 'પથ પર પ્રકાશ' વિષે શ્રી હર્ષદભાઈ દવેએ રજૂઆત કરી. ૯મીએ ડૉ. કિરણભાઈ શિંગલોતે 'અસ્તીત્વ વાદ' વિષે પોતાની પ્રચલિત શ્રેણીમાં આગળ ઉપર પ્રવચન કર્યું. ૧૬મીએ 'કર્મનો સિદ્ધાંત' વિષે તેલુગુ ફેડરેશનની વિજયનગરમ્ લોજના સુશ્રી એમ. લક્ષ્મીએ હિન્દીમાં સુંદર પ્રવચન કર્યું.
- ૧૫મી મે ના રોજ સાંજે ૬ થી ૭ દરમિયાન દિલ્હી થિયોસોફિકલ ફેડરેશનની શંકર લોજ દ્વારા આયોજીત 'ગુગલ મીટીંગ'માં રોહિત લોજના પ્રમુખ સુશ્રી વર્ષાબેન પટેલે 'કોરોના અને દિવ્ય સંદેશ' વિષે વિસ્તૃત માહિતીસભર પ્રવચન કર્યું.
- ૧૪મી મે ના રોજ સાંજે ૬ થી ૭ દરમિયાન રેવા લોજ આયોજીત વિશેષ ઈ–મીટીંગમાં શ્રી હર્ષદભાઈ દવેએ જે. કૃષ્ણમૂર્તિની શિક્ષણ આધારિત પુસ્તક "સંબંધ એટલે શું ?"નું વાંચન કરીને વિસ્તારપૂર્વક સમજૂતી રજૂ કરી. ત્યારબાદ ૧૮મીએ પણ તે વિષે આગળ ઉપર વાંચન કરીને પોતાની રજૂઆત કરી. રેવા લોજ દ્વારા દર મંગળવારે નિયમિત રીતે ઈ–મીટીંગનું આયોજન કરવામાં આવશે.
- **મુંબઈ ફેડરેશન** દ્વારા આયોજીત ગુરૂવારની નિયમિત ઈ–મીટીંગમાં સાંજે ૬ થી ૭ દરમિયાન 'મૃત્યુની પાનખરમાં વસંત' પુસ્તકનું વાંચન મે દરમિયાન પણ આ રીતે આયોજન થયું. ફેડ. પ્રમુખશ્રી વિનાયકભાઈ પંડ્યા પુસ્તકનું વાંચન કરે છે. ડૉ. અજયભાઈ હોરાના વડપણ હેઠળ જરૂરી ચર્ચા થાય છે. સદર પુસ્તકના પ્રણેતા ડૉ. ઉષાબેન ચતુર્વેદી તથા શ્રી અરુણભાઈ ચતુર્વેદી પોતાની સ્વર્ગસ્થ દીકરી સ્તુતિ ચતુર્વેદી સાથેના પોતાના અનુભવોને આધિ ભૌતિક જગત સાથેની સ્મૃતિઓ સાથે પુસ્તકના પ્રકરણોમાં વર્ણન કરવામાં આવેલ વિષયવસ્તુના ઊંડાણમાં લઈ જવાનો અનોખો પ્રયત્ન કરે છે. હાલમાં પુસ્તકના મધ્યભાગ સુધીનું વાંચન પૂર્ણ થયેલ છે. વધુને વધુ સભ્યોએ દર ગુરુવારના આ વાંચનનો ખાસ નોંધપાત્ર લાભ લેવા જેવો છે.

**'થિયોસોફિક જ્યોતિ'** દ્વારા આપણા સભ્યોની, તેમના કુટુંબીજનો તથા સહૃદયી સંબંધીઓ તથા મિત્રોની **"જન્મદિનની શુભેચ્છા" 'સૌજન્ય'** દ્વારા જે-તે મહિનામાં પ્રકાશિત કરીને શુભેચ્છા પાઠવીએ છીએ.

**રૂા. ૫૧/-** (ઓછામાં ઓછા... વધુ રકમ સ્વેચ્છાએ...) **'GTF Jyoti Prakashan Fund' Central Bank of India (Sardarnagar Area Branch, Bhavnagar, 01360) A/c. No. 1871957084 IFSC : CBIN0281360**માં જમા કરાવ્યાથી આ પ્રકારની **'શુભેચ્છા'** વ્યક્ત કરતાં રહીશું.

***ખાસ નોંધ : આગામી મહિનાઓમાં જે કોઈ સભ્ય પોતાના "જન્મદિનની શુભેચ્છા-સૌજન્ય" પ્રકાશિત કરવા ઈચ્છતાં હોય તેઓએ તંત્રીશ્રીનો સંપર્ક કરવો.***

RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Registered under Postal Registration No. AHD-C/80/2021/2023 valid upto 31st December-2023 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.

Printed Matter Periodicals THEOSOPHIC JYOTI June–2021


To :

If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH
9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.

## આપણો પુસ્તક પ્રેમ...

## "શ્રી ગુરુ ચરણે"

### (અધ્યાત્મ માર્ગ પર પ્રવચન ગ્રંથ ૧)




ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનાં બુક સ્ટોલમાં આ પુસ્તક પ્રાપ્ય છે. અનુકૂળતાએ મળી શકે. જેની કિંમત રૂા. ૪૦/- છે. પ્રથમ આવૃત્તિ ૧૯૭૮માં અને બીજી આવૃત્તિ ૨૦૦૧માં પ્રકાશીત કરવામાં આવી હતી.

૧૯૦૯માં (જે. કૃષ્ણમૂર્તિ) આલ્કિયોની નામથી **'At the Feet of the Master'** પુસ્તિકા વિશે ડૉ. એની બેસન્ટ અને બિશપ લેડબીટરે વાર્તાલાપ આપી વિસ્તૃત સમજણ આપી હતી; જે **Talks on the Path of Occultism Vol. 1** માં સમાવિષ્ટ છે. **Vol. 2** માં **Voice of the Silence** અને **Vol. 3**માં **Light On the Path** વિષે છે.

"શ્રી ગુરુ ચરણે" થિયો. સોસા.ના પૂર્વ તથા મધ્ય આફ્રિકાનાં વિભાગે ૧૯૭૮માં છપાવેલ; ઘણાં સમયથી અપ્રાપ્ય હોવાથી ફેડરેશને સ્વ. હરિપ્રસાદ મો. છાયાએ કરેલ ભાવાનુવાદ છપાવ્યો. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૦૧માં પ્રકાશન સમિતિના ચેરમેન સ્વ. હરકિસન ડી. શાહે ફેડ. વતી આ પુસ્તક પ્રકાશીત કર્યું. "શ્રી ગુરુ ચરણે" એક એવું પુસ્તક છે જે જિજ્ઞાસુને દીક્ષાના દ્વાર સુધી પહોંચાડે છે. સરળ ભાષા, રસપ્રદ સમજૂતી તથા રોચક ઉપદેશ આ પુસ્તકની વિશિષ્ટતા છે. વાચકને ખરેખર "બ્રહ્મવિદ્યાના ઉપાસક" બનવાની શુદ્ધ પ્રેરણા પૂરું પાડી શકે તેવું બળવત્તર વર્ણન... જય હો ગુરુદેવો !

*પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ*
*માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧*
*મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦*

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH